<u>ફોજદારી ઈન્કવાયરી નં. ૫૦/૨૦૨૨</u>

–:: <u>આંક : ૧ લગત હુકમ</u> ::–

(૧) ફરીયાદીની ફરીયાદ હકીકત વંચાણે લીધી. આ કામના ફરીયાદીએ આરોપીઓ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૬૩, ૩૬૫, ૩૦૨, ૧૧૪, ૧૪૮, ૧૪૯, મુજબ ખાનગી ફરીયાદ દાખલ કરેલ છે. સદરહું ફરીયાદને ફોજદારી ઈન્કવાયરી રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે અને મારા પુરોગામી સાહેબશ્રીએ ફરીયાદીનું વેરીફીકેશન નોંધીને સદરહું ફરીયાદને સી.આર.પી.સી.ની કલમ–૨૧૦ મુજબ સ્થગિત કરી પી.એસ.આઈ. વિરમગામ રૂરલ પોલીસ પાસેથી ફરીયાદીની ફરીયાદની તપાસ હાલ કયાં તબકકે છે તે અંગેનો દિન–૧૦માં કોર્ટને લેખીત રીપોર્ટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ પી.આઈ. વિરમગામ રૂરલ પોલીસ સ્ટેશનનાઓએ આંક–૭ થી પોલીસ તપાસ અહેવાલ રજુ કરેલ છે. જે વંચાણે લેતા, અરજદારના દિકરા ભરતભાઈ ખેમાભાઈ સારોલા નાઓ ગઈ તા.૧૦/૯/૨૦૧૯ ના રોજ કલાક ૨૧/૩૦ વાગે ઘરેથી નીકળી ગામના ઝાપે ગયેલ અને તે પછી પરત આવેલ નહી જે બાબતે અરજદારના દિકરા હરેશભાઈ ખેમાભાઈ સારોલાએ વિરમગામ રૂરલ પોલીસ સ્ટેશન ખાતે જાહેરાત આપતા જા.જોગ નં.૧૩/૨૦૧૯ સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ૧૨/૨૦૧૯ કલાક ૧૪/૩૦ તા.૧૧/૦૯/૨૦૧૯ થી નોંધવામાં આવેલ છે. જે હજીસુધી મળી આવેલા નથી. તેમજ સને ૨૦૨૨ ની ડીસેમ્બર મહીનામાં અરજદારે પોલીસ સ્ટેશનમાં આવીને જણાવેલ કે તેમના ગામની સીમમાં ગણેશભાઈ પ્રજાપતિ ભઠ્ઠીવાળા તલાવડીમાં તુટી ગયેલ હાલતમાં ખોપરીના હાડકા આજુબાજુમાં પડેલ છે. અને આ ખોપરી ભરતભાઈની હોઈ શકે તેમ જણાવતા તા.૧૬/૧૨/૨૦૨૨ ના રોજ પોલીસે એફ.એસ.એલ.ની મદદથી હાડકા કબજે કરી એફ.એસ.એલ.માં તપાસણી સારુ મોકલેલ અને તે હાડકા પૈકી એક હાડકા સિવાયના બીજા હાડકા માનવ ના નહી હોવાનું જણાઈ આવેલ. જેથી ખેમાભાઈ ગોવાભાઈ સારોલાનાઓનું બ્લડ લઈ એફ.એસ.એલ. પરત આવેલ હાડકા સાથે ડી.એન.એ. મેચીંગ માટે એફ.એસ.એલ. ગાંધીનગર ખાત મોકલી આપેલ, જે એફ.એસ.એલ. તપાસણી થઈ આવતા ડી.એન.એ. મેચ થયેલ નહી તેવું એફ.એસ.એલ.ના રીપોર્ટમાં આવેલ છે. અને જાણવા જોગની તપાસ હાલે ચાલુ છે જેની કોઈ ફળદાયી હકીકત આજદિન સુધી મળી આવેલ નથી.

(૩) આજરોજ ફરીયાદી તથા તેમના વિ.વ.શ્રી હાજર છે. તેઓએ આંક–૧૦ થી વિડ્રો પુરસીસ રજુ કરેલ છે. અને તેઓએ જણાવેલ છે કે, તેઓ હાલની ફરીયાદ આગળ ચલાવવા માંગતા નથી અને વિડ્રો કરે છે. આમ, ફરીયાદીએ તેમની ફરીયાદમાં જે આક્ષેપો કરેલા છે. તે અંગે તેઓ કોઈ આગળની કોઈ કાર્યવાહી કરવા માંગતા નથી. તેથી આંક – ૧૦ થી રજુ થયેલ પુરસીસના આધારે હાલની ઈન્કવાયરી અન્વયે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::– આ ખ રી હુ ક મ –::**

હાલની ફરીયાદ સી.આર.પી.સી.ની કલમ –૨૦૩ મુજબ કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે. અને હાલની ફોજદારી ઈન્કવાયરી તે મુજબ ફેસલ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૨૪ મી, માહે– એપ્રિલ, સને –૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૪/૦૪/૨૦૨૫
વિરમગામ

(દિનેશકુમાર મોતીલાલ સિંઘલ)
અધિક જ્યુ.મેજી.ફ.ક.,વિરમગામ
Code No. GJ01303